UGC Approved Journal No:- 62819 ISSN: 2319-202X

# શાળા અને સમાજ વચ્ચેના સેતુનું નિર્માણ

**હર્ષાબેન જે. પટેલ**
રીસર્ચ સ્કોલ, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર
મો. ૯૪૨૯૪૨૯૫૫૧
harsharay@yahoo.com

આશરે ૨૦૦૦ વર્ષ પહેલાં ગ્રીક દેશમાં સાંજે ચાર વાગે લોકો એક જગ્યાએ ભેગા મળી જીવનની વાતો કરતા અને બુદ્ધિપૂર્વક વિચાર કરતા, તે જગ્યા **SCHOLO** તરીકે ઓળખાતી. **SCHOLO -** સ્કૂલ (શાળા) શબ્દ તે ઉપરથી આવેલો છે, જ્યાં જીવનની કળા શીખવા મળે તેવી જગ્યા. સમાજ અને તેની સંસ્કૃતિને અનુકૂળ બનવામાં, સામાજિક અને આર્થિક પ્રવૃત્તિના પ્રવાહ સાથે બંધબેસતા કરવામાં, હજારો વર્ષથી વહેતા આવતા વિશાળ પ્રવાહમાં ભેળવી દેવા માટે મનુષ્યને ભણવામાં આવે છે. શાળાઓમાં પરિપૂર્ણ માનવી વિકસી શકે તેવી જીવનપદ્ધતિ કાયમ માટે જળવાઈ રહે તો જ સમાજનો પણ વિકાસ કાયમ થતો રહે.

**શિક્ષણ એટલે શું ?** – મૂળ તો શિક્ષણ પોતે જ કલા છે, ફક્ત ચોપડીઓમાંથી નહીં, પણ જીવનની સમગ્ર ક્રિયાઓમાંથી શીખવાની કલા છે. શાળા તથા કોલેજોના વર્ગખંડોમાં ભારતનું ભાવિ ઘડાય છે. શિક્ષકનું કાર્ય માત્ર માહિતી આપવાનું નહિં, પણ જીવનનો આખોય વ્યાપ, જીવનનું સૌંદર્ય, તેની કુરૂપતા, તેનો આહ્લાદ, તેનો ઉલ્લાસ, ભય, ચિંતા આ બધું બતાવવાનું કાર્ય શિક્ષકનું છે. શિક્ષણ એ સર્વોત્તમ વ્યવસાય છે. વિશ્વમાં એણે નવી પેઢીને અવતારવાની છે. આજનો વિદ્યાર્થી આવતી કાલનો નાગરિક બનીને દેશ માટે અને સમાજ માટે પોતાનું યોગદાન આપે છે. શિક્ષણની અનિવાર્યતાથી આપણે સૌ વાકેફ છીએ જ અને તેથી જ ગુણવત્તાયુક્ત શિક્ષણ સમાજ અને દેશના વિકાસનું અવિભાજ્ય અંગ છે. શિક્ષણનું એક ધ્યેય મનુષ્યના સર્વાંગી વિકાસનું છે. મનુષ્યના વ્યક્તિત્વનું રૂપાંતરણ કર્યા વિના આ ધ્યેય પાર પાડી શકાતું નથી. શિક્ષણનું મુખ્ય ધ્યેય ચારિત્ર્યનો સર્વાંગી વિકાસ હોવું જોઈએ. જે શિક્ષણ વિદ્યાર્થીને જીવનનો મર્મ ન સમજાવી શકે તેને શિક્ષણ કેવી રીતે કહી શકાય? માત્ર સૈદ્ધાંતિક જ્ઞાન **(Theoretical Knowledge)** નો વિદ્યાર્થીના ચારિત્ર્ય પર કોઈ ખાસ પ્રભાવ પડતો હોતો નથી. આવતી કાલના મનુષ્યનું ભવિષ્ય આજના શિક્ષણમાં છે. ત્યાં માણસ બને છે અથવા બગડે છે. જો બૌદ્ધિક વિકાસ એ જ નિસબત હોય, ગોખણપટ્ટી એ જ ધ્યેય હોય તો ત્યાંથી યંત્રમાનવો બહાર પડશે, પણ માણસો તો નહીં જ.

શિસ્ત **(DISCIPLINE)**શબ્દ શિષ્ય **(DISCIPLE)** શબ્દમાંથી આવ્યો છે. આથી શિસ્તનો અર્થ થાય છે શીખવું. શિસ્ત એટલે લાદેલું નિયંત્રણ નહિ પણ સ્વેચ્છાએ

શીખવાની વૃત્તિ. રોટલો કેમ રળવો તે નહીં, પણ દરેક કોળિયાને વધુ મીઠો કેમ બનાવવો તે કેળવણી મારફતે આપણે પહેલું શીખવાનું/શીખવવાનું છે.

આપણી શાળાઓમાં થતું શિક્ષણ કાર્ય ફક્ત જ્ઞાનને એકઠું કરવા માટે નથી પણ જે વધારે મહત્ત્વનું છે તે પ્રજ્ઞાને – સમજણને જગાડવા માટેનું છે.

**શૈક્ષણિક વ્યવસ્થાપનના પાયાના સિદ્ધાંતો :**

આજના વૈશ્વિક હરિફાઈયુક્ત જમાનામાં વ્યવસ્થાપનનું ખૂબ જ મહત્ત્વ છે. વિવિધ વ્યવસ્થાપનોનો મૂળ આધાર તો શિક્ષણ છે. જો શિક્ષણ ગુણવત્તાવાળું અપાય અને તેનું વ્યવસ્થાપન ઉચ્ચ કક્ષાનું થાય તો તે દ્વારા અન્ય બાબતનું વ્યવસ્થાપન સફળતાપૂર્વક કરી શકાય.

| | | |
|---|---|---|
| ૧. | સામાજિક પ્રણાલિ સિદ્ધાંત. | શિક્ષણની સંસ્થા એ સમાજનું અનિવાર્ય અંગ છે, એટલું જ નહી એ સમાજની નાની પ્રતિકૃતિ છે. તેનું સંચાલન એક સામાજિક પ્રક્રિયા છે. સંસ્થા અને સમાજ એકંદરે ઓતપ્રોત છે. |
| ૨. | મૂલ્ય સિદ્ધાંત | સમાજના માણસોનાં જીવનમૂલ્યો શૈક્ષણિક સંસ્થાઓ માટે અનિવાર્યપણે આવશ્યક છે. મૂલ્યનિષ્ઠ વ્યક્તિ અધ્યાત્મનિષ્ઠ બને છે. અધ્યાત્મનિષ્ઠાને શિક્ષણ સાથે ગાઢ નાતો છે. મૂલ્યો, અધ્યાત્મ અને શિક્ષણનો સમન્વય માનવ જગત માટે અમૂલ્ય વારસો બની શકે છે. |
| ૩. | સંસ્થાકીય સિદ્ધાંતો | સંયોજન સંકલન અને સંગઠન એ સંસ્થાકીય સિદ્ધાંત શાળા વ્યવસ્થાપનમાં અનિવાર્ય છે. |
| ૪. | ભૂમિકા સિદ્ધાંત | જ્યાં સુધી વ્યક્તિ પોતાની ભૂમિકા અંગે સ્વયં સ્પષ્ટ ન હોય અને સજ્જ ન હોય તો નિષ્ફળતા મળે છે. |
| ૫. | નિર્ણય સિદ્ધાંત | સમસ્યાની ઓળખ, વિકલ્પોની વિચારણા, તેનું મૂલ્યાંકન, પસંદગી, પસંદ કરેલ વિકલ્પોનું અમલીકરણ એ નિર્ણય માટેનાં મહત્ત્વનાં સોપાન છે. |
| ૬. | નેતૃત્વ સિદ્ધાંત | સમગ્ર શાળાના વ્યવસ્થાપન માટે અને સમાજશિક્ષણ માટે આચાર્યનું નેતૃત્વનું જ્ઞાન અને તેનો સમુચિત સદ્ઉપયોગ અનિવાર્ય છે. તે જ પ્રમાણે વર્ગખંડના આગેવાન તરીકે, વિદ્યાર્થીઓમાં નેતૃત્વના ગુણોના વિકાસ માટે, સાહસ માટે શિક્ષકનું આદર્શ નેતૃત્વ અનિવાર્ય છે. |
| ૭. | વ્યવસ્થાપનનો સિદ્ધાંત | આ સિદ્ધાંત અમલમાં મૂકીને આચાર્ય અને શિક્ષકો પોતાની ફરજો બજાવીને આત્મસંતોષ માને અને શિક્ષણનાં ધોરણો જાળવે તે અનિવાર્ય છે. |

શાળા અને સમાજ વચ્ચે સમન્વય જળવાઈ રહે તો જ સુખ, શાંતિ અને સમૃદ્ધિનો ત્રિવેણી સંગમ થાય, કારણ કે આ ત્રિવેણી સંગમ માટે શિક્ષણ જ મહત્ત્વની કડી છે. **શિક્ષણનાં મુખ્ય ત્રણ પાસાં છે.**

**૧. અનુશાસન**

**૨. જ્ઞાનવૃદ્ધિ**

**૩. જીવનદષ્ટિ**

વ્યક્તિના વિકાસ માટે ઉપરોક્ત ત્રણેય પાસાં ખૂબ જ અગત્યની ભૂમિકા ભજવે છે. અને શિક્ષણ દ્વારા જ આ શક્ય બને છે. માનવીના ઘડતર માટે શિક્ષણ પૂરી પાડનાર સંસ્થા એટલે શાળા. વ્યક્તિઓના સમૂહ થકી જ સમાજનું નિર્માણ થાય છે. સમાજના વિકાસ માટે વ્યક્તિઓનું હકારાત્મક વલણ અને વિચારધારા અનિવાર્ય છે. શાળા અને સામાજ વચ્ચે સેતુનું નિર્માણ થાય તો સોનામાં સુગંધ ભળે.

**૧. અનુશાસનઃ**

અનુશાસનનો અર્થ થાય છે શિસ્તયુક્ત શાસન. ઉદંડ યા ઉચ્છ્રૃંખલ વ્યક્તિ કદી પણ સ્થાપી ન શકે. વિદ્યાર્થીઓને અનુશાસનના પાઠ શાળામાં શીખવા મળે અને એક સાચો શિક્ષક સ્વયં પોતે અનુશાસિત બનીને સમાજ માટે સારા નાગરિક બનાવવાં પોતાનું યોગદાન આપી શકે છે. શાળા અને સમાજ વચ્ચે મજબૂત અને સલામત સેતુના નિર્માણ માટે ગુણવત્તાયુક્ત શિક્ષણ પાયાનું પરિબળ છે અને આ માટે ફરજનિષ્ઠ શિક્ષકો જ અસરકરક પરિણામ લાવી શકવા શક્તિમાન છે. મહાન રાજનીતિજ્ઞ ચાણક્યએ પણ આ સંદર્ભમાં કહેલી વાતઃ **'શિક્ષક કભી સાધારણ નહીં હોતા, પ્રલય ઔર નિર્માણ ઉસકી ગોંદમેં પલતે હૈ'** આજે પણ એટલી જ યથાર્થ છે.

**૨. જ્ઞાનવૃદ્ધિઃ**

**'શાળા અમારી તીર્થભૂમિ જ્ઞાનગંગા ત્યાં વહે'**

માનવી સામાજિક પ્રાણી છે. માનવ સિવાયની જીવસૃષ્ટિમાં કોઈને અક્ષરજ્ઞાન હોતું નથી. માનવ પણ તેના ઉત્પત્તિકાળથી અસંખ્ય પેઢીઓ સુધી પશુજીવનથી બહુ ઉન્નત ન હતો. કાળક્રમે તેના વિકાસના એક તબક્કામાં તેને અક્ષરજ્ઞાન થયું. અક્ષરજ્ઞાનથી એક તો તેને વારસામાં જ્ઞાનપરંપરા ચાલુ રાખવાનું સુલભ થયું. બીજું, જ્ઞાનના પ્રચાર-પ્રસાર માટે પણ સરળતા રહી. જીવનને સ્પર્શતા એક એક ક્ષેત્રમાં ગ્રંથોની રચનાઓ થવા લાગી અને એ ગ્રંથો પ્રત્યેક ભાવિ પ્રજા માટે વિકાસનો આધાર થવા લાગ્યા. આજના આધુનિક યુગમાં પણ સામાજિક ઉત્થાન પાછળ શિક્ષણનો સિંહફાળો છે. શાળા અને સમાજ વચ્ચે સેતુના નિર્માણ થકી જ મૂલ્યનિષ્ઠ નાગરિકો શાળાઓમાંથી શિક્ષણ મેળવીને દેશનું અને સમાજનું સુંદર ઘડતર કરી શકશે. શિક્ષણનું આ બીજું પાસુ સમાજ માટે આગવું સ્થાન ધરાવે છે.

**૩. જીવનદષ્ટિઃ**

આજનો વિદ્યાર્થી આવતીકાલનો નાગરિક છે, જેને ઘડવાનું કાર્ય શિક્ષક કરે છે. આપણે શિક્ષકને પૂજ્ય, આચાર્ય, ગુરૂસ્થાને ગણીએ છીએ, તેનું કારણ તેની શૈક્ષણિક ક્ષમતા માત્ર જ નથી. શૈક્ષણિક ક્ષમતા તો હોવી જ જોઇએ, પણ સાથે સાથે જીવન પ્રત્યેનો ઉચ્ચ-આદર્શપૂર્ણ અભિગમ પણ હોવો જોઇએ. જે પુસ્તકમાંથી શીખી નથી શકાતુ તે શિક્ષકના જીવન દ્વારા શીખી શકાય છે. જે દષ્ટિ સેંકડો પુસ્તકો વાંચવાથી પણ નથી મળી શકતી, તે જીવનદષ્ટિ એક શિક્ષક પોતાના વિદ્યાર્થીને સહજ રીતે આપી શકે છે. બધું મળ્યું હોવા છતાં પણ જો વ્યક્તિ જીવનદષ્ટિ વિનાની હશે તો પોતે ગુણાવક્તાયુક્ત જીવન જીવી શકશે નહીં. જીવનદષ્ટિ એટલે જીવનને સાત્ત્વિક તથા સક્ષમ બનાવનાર અભિગમ, જેના દ્વારા વ્યક્તિ સમાજનું કલ્યાણકારી અંગ બને. સામાજિક તથા રાષ્ટ્રીય સભાનતાથી વ્યવહાર કરે, વ્યક્તિની શક્તિ સમાજ યા વિશ્વના શોષણ યા રંજાડમાં ના લાગે, પણ કોઇ ને કોઇ શુભ હેતુલક્ષી નિર્માણમાં લાગે, જો આવી જીવનદષ્ટિ ના મળી હોય તો શક્તિ અભિશાપ બની શકે છે.

શાળામાં અપાતા ગુણવત્તાયુક્ત શિક્ષણનાં આ ત્રણ પાસાઓ, શાળા અને સમાજ વચ્ચેના સેતુનું નિર્માણ કરવામાં સિંહફાળો આપી શકે છે. શાળા એવું સ્થાન છે જ્યાં વિદ્યાર્થી રોજિંદા જીવનમાં ઉપયોગી એવાં માહિતી-જ્ઞાનનું જ નહિ, પણ જીવનની અનેકવિધ સૂક્ષ્મતાઓ સહિતનું શિક્ષણ મેળવે છે.

શાળા અને સમાજ વચ્ચેના સેતુના માટે શિક્ષક ખૂબ જ મહત્ત્વની કડીરૂપ છે, કારણ કે બાલમંદિરથી છેક મહાશાળા સુધીના શિક્ષકો ઉગતા જીવનના ઘડવૈયા છે. શિક્ષક પોતે ઘડાયેલો હોવો જોઇએ. વાણી, વિચાર તથા વ્યવહારથી આવા શિક્ષકોની છાપ વિદ્યાર્થીના અંતરજીવન સુધી પ્રસરેલી હોય છે. એટલે વિદ્યાર્થીઓ મહાન પદ ઉપર પહોંચ્યા પાછી પણ પણ પોતાના શિક્ષકોને – તેમની પ્રેરણા તથા પ્રભાવશક્તિને- ભૂલતા નથી હોતા. ઉદાહરણ તરીકે આપણા માન. રાષ્ટ્રપતિ ડૉ. અબ્દુલ કલામ સાહેબ જ્યારે રાષ્ટ્રપતિ પદ પર બિરાજમાન થયા ત્યારે તેમણે પણ પોતાના શિક્ષકને યાદ કર્યા હતાં.

શાળાઓના શિક્ષકો વિદ્વતા, વિચારો તથા વ્યવહાર દ્વારા ભવિષ્યના સમાજનું નિર્માણ કરતા હોય છે. શાળાઓમાંથી નીકળલો સત્ત્વશીલ ફાલ સમાજના ઉચ્ચ ભાગ પર ફેલાતો હોય છે. આ નાની પણ મહત્ત્વની ઉપજ જો અપકવ હશે, સ્વાર્થી, સંસ્કારહીન તથા લોભી, લાલચુ, ચારિત્ર્યહીન હશે તો નીચેનો સમાજ આપોઆપ અધોગામી થતો જશે. સુવિકસિત સમાજ માટે શિક્ષણ તથા કેળવણી અનિવાર્ય છે. વિદ્યાર્થીઓમાં સંપૂર્ણ જવાબદારીનું ભાન વિકસાવવું એ પણ શિક્ષણનું

કાર્ય છે અને તેથી જ શાળા અને સમાજના વચ્ચેના સેતુનું નિર્માણ થાય અને આ સેતુ વધુ ને વધુ મજબૂત બની રહે તેમાં જ સૌનું કલ્યાણ છે.

સ્વામી વિવેકનંદ કહેતા કે, **માણસને ચારિત્ર્યવાન બનાવે તે વિદ્યા.** શાળા આવા ચારિત્ર્યવાન માણસો બનવાનું કાર્ય કરે છે. સમાજનું નિર્માણ મનુષ્યો કરે છે. સ્વર્ગના કોઇ દેવતાઓ નહીં, એથી આપણે વિદ્યાર્થીકાળથી આરંભ કરીએ છીએ. શિક્ષણ શબ્દમાં જ જાણવું, શીખવું અને આચરવું એ ત્રણેય અર્થો રહેલા છે અને તેથી જ કર્તવ્યપરાયણ વિદ્યાર્થીઓ દ્વારા જ ચારિત્ર્યશીલ અને મૂલ્યનિષ્ઠ સમાજ બની શકે. શાળા અને સમાજ વચ્ચેના સંબંધો મીઠાં-મધૂરાં અને અર્થપૂર્ણ બની રહે તે માટે એક સુંદર સેતુના નિર્માણને અવગણી શકાય નહિ.

**સહિયારી જવાબદારી :**

શાળા અને સમાજ વચ્ચે સેતુના નિર્માણમાં માત્ર શિક્ષકોની જ જવાબદારીથી સફળતા સાંપડશે નહિ પણ વાલીઓ, શિક્ષકો અને વ્યવસ્થાપકોના સુમેળભર્યા સંયુક્ત ત્રિકોણ દ્વારા જ સફળતા મળશે. આ ત્રણેયની સહિયારી જવાબદારીથી જ મજબૂત સેતુનું નિર્માણ શક્ય છે. વાલીઓએ જાગૃત રહીને તથા રસ દાખવીને આ જવાબદારી નિભાવવી જોઇએ. સાથે સાથે શાળાઓએ પણ પોતાના વ્યવસ્થાપનમાં વાલીઓની સક્રિય સામેલગીરી જળવાઇ રહે તેવા પ્રયત્નો કરવા જોઇએ. વાલીઓની, શિક્ષકોની અને સંચાલકોની સહભાગિતા અત્યંત આવશ્યક છે. સમાજ સાથે શાળાના ઘનિષ્ઠ સંબંધો કેળવાય એ માટે વાલીઓએ પ્રસંગોપાત શાળાના કાર્યક્રમોમાં ઉપસ્થિત રહીને સક્રિયરસ લેવો જોઇએ.

શાળા એ તો સમાજની પ્રકૃતિ કે લઘુઆવૃત્તિ છે. માણસ એ સામાજિક પ્રાણી છે, અને તેનો વિકાસ માનવીના સંપર્કો, સહવાસો અને હૂંફાળા, પ્રેમાળ માનવીય સંબંધોથી થાય છે. શાળા એ વિદ્યાર્થીના સર્વગ્રાહી-સર્વાંગી વિકાસનું કેન્દ્ર છે. વિદ્યાર્થીને શિક્ષણ ઉપરાંત કેળવણી શાળા દ્વારા મળતી હોય છે. તેને જીવન જીવવાની કળા શાળામાંથી શીખવા મળે છે. સારા માનવીય સંબંધો સમાજના વિકાસ માટે પાયાનું પરિબળ છે.

વાલીઓ, શાળા અને સમાજ એક બને તેવા સહિયારા પ્રયાસો કરવાથી તેમજ શાળાઓને સમાજ સાથે અનુસંધાન કેળવવાથી જ શાળા અને સમાજ વચ્ચેના સેતુનું નિર્માણ થઇ શકશે. આપણાં સૌના ધ્યેય તો એક જ છે, પણ એ ધ્યેયને પ્રાપ્ત કરવા માટેના રસ્તાઓ, જવાબદારીઓ, ફરજો નિભાવવાની રીતો અલગ અલગ છે. આપણે સૌ ફરજ નિષ્ઠા, સભાનતાપૂર્ણ જવાબદારી અને દઢસંકલ્પ શક્તિથી જો એક જ દિશામાં પરિણામલક્ષી પ્રયત્નો આત્મવિશ્વાસથી કરતા રહીશું તો શાળા અને સમાજ વચ્ચેના સેતુનું નિર્માણ સફળતાપૂર્વક અવશ્ય કરી શકીશું.